Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

# નારીજાગૃતિના સ્ત્રી-સામયિક

**જાડેજા વર્ષાબા હરીશચંદ્રસિંહ**
M.A , B.ed,NET-JRF ,G-SET ,PH.D SCHOLER
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY

૨૦મી સદીના પુર્વાધમાં ભારત જયારે સ્વતંત્રતાની ઝુંબેશમાં ઝઝૂમતો હતો એ સમય દરમિયાન વર્જિનિયા વુલ્ફનું સપ્ટેમ્બર ૧૯૨૯માં 'અ રૂમ ઓફ વન્સ ઓન' અને સીમો-દ-બુવાનાનું ૧૯૪૯માં 'ધ સેકન્ડ સેક્સ' આ પુસ્તકોમાં પ્રકાશિત થયેલ નારીવાદી વિચારધારાની અસર ભારતના કેળવણીકારો અને સાહિત્યકારો ઉપર પડી. ભારતીય સમાજસુધારકો રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતી, જ્યોતિબા ફુલે, મહાદેવ ગોવિંદ રાનડે, સાવિત્રીબાઈ ફુલે, આદિ સુધારકો નારીચેતના અને સમાજસુધારાની પ્રક્રિયામાં સક્રિય હતા. તેઓ દ્વારા સ્થાપિત સંસ્થાઓમાં નાનામોટા સામાજિક કાર્યકરો જોડાતા સમાજ જાગૃત બનતો ગયો. જૂની પરંપરાઓ, વહેમો, કુરિવાજો પ્રત્યે સભાનતા સમાજમાં વ્યાપિત થવા લાગી. આ સમયમાં ગુજરાતી નારીચેતનાને વાચા આપવા અને તેના પ્રશ્નો પ્રત્યે સમાજમાં જાગૃતિ લાવવા માટે જો કોઈ મોટો ફાળો આપ્યો હોય તો તે છે 'સ્ત્રી-સામયિક'. સમાજસુધારણા, કન્યાકેળવણી અને સર્જનાત્મક અભિવ્યક્તિ માટેનું મોટું પ્રેરક વાતાવરણ સર્જવામાં સામયિકો ખુબ ઉપયોગી નીવડ્યા છે.

ગુજરાતી સ્ત્રી-સામયિકોનો આરંભ સુધારકયુગથી જ થઈ ગયો હતો. નર્મદ, દુર્ગારામ મેહતા, મહીપતરામ નીલકંઠ જેવા સમાજસુધારકોએ મધ્યકાળના અંધારા ઉલેચવા માટે કટિબંધ થયા હતા. નારીચેતનાને વાચા આપતા સામયિકોની વાત કરીએ તો સૌથી પ્રથમ નામ અને પહેલું સ્ત્રી સામયિક 'સ્ત્રીબોધ'ને યાદ કરવું ઘટે. 'સ્ત્રીબોધ' માસિક સ્વરૂપનું સામયિક ઈ.સ. ૧૮૫૭ માં ૧ જાન્યુઆરીમાં કેખુશરો કાબરાજીના તંત્રોપદેથી પ્રકાશીત થયું હતું. 'સ્ત્રીબોધ' સામયિક એ ગુજરાતી ભાષાનું પ્રથમ સ્ત્રી-સામયિક હતું.

'સ્ત્રીબોધ' સામયિકનું ધ્યેય સ્ત્રીજાગૃતિ અને કન્યાકેળવણીના પ્રચારને વરેલું હતું. આ સામયિકમાં સુંદરતાની જાળવણી, આરોગ્ય, ગૃહવ્યવસ્થા, વગેરે વિષયોના લેખો જે મહિલાઓને ઉપયોગી થાય તેવા પ્રકાશિત થતા હતા. 'સ્ત્રીબોધ' સામયિકના લેખકમંડળની વાત કરીએ તો શરૂઆતમાં પારસી લેખકોની જ સંખ્યા મળતી હતી. પરંતુ સમય જતા લેખકોને મોકળું સ્થાન મળ્યું. આ સામયિકમાં લેખિકાઓની કલમને અગ્ર સ્થાન અપાતું. જેમાં જરબાઈ ધનજીભાઈ વાડિયા આ સામયિકના સૌથી પહેલા લેખિકા હતા.આ સામયિકમાં તેમણે ૧૮૬૩થી કુરીવાજોનો વિરોધ કરતી અને સ્ત્રીદમનને સામે અવાજ ઉઠાવતી વાર્તાઓ આપી છે. આ ઉપરાંત કેખુશરો કાબરાજીના પુત્રી 'શિરીન કાબરાજી' દ્વારા યુરોપિયન સાહિત્યનો પરિચય આ સામયિક દ્વાર મળે છે. 'સ્ત્રીબોધ' સામયિકમાં વાર્તા, નવલકથા, કવિતા, નાટક, ઉખાણાં-કેહવતો, જીવનચરિત્ર, કન્યાકેળવણી, સ્ત્રીઓ માટેની અંગકસરતો, સૌંદર્યની માવજત, બાળઉછેર, સગર્ભા અને રજસ્વલા સ્ત્રીઓને માર્ગદર્શન આપતા વિષયો પરના લેખો પ્રકાશિત કરવામાં આવતા હતા. 'જાણવાજોગ સ્ત્રી સમાચાર' શીર્ષકથી સ્ત્રીઓ માટે વિશિષ્ટ સમાચાર પ્રકાશિત થતા હતા. 'સ્ત્રીબોધ' સામયિકના મૂલ્યવાન પ્રદાન વિશે નિર્દેશ કરતા વિદ્યાબહેન નીલકંઠ નોંધે છે કે: "ગુજરાતમાં સ્ત્રીકેળવણી આપવાનું પ્રથમ પગથીયું 'સ્ત્રીબોધ' હતું." આમ, 'સ્ત્રીબોધ' સામયિકે ૯૬ વર્ષ સેવા આપી સ્ત્રી જાગૃતિને સિદ્ધ કરવામાં મહત્વનું યોગદાન છે.

'સ્ત્રીબોધ' સામયિક બાદ મહત્વનું એક સામયિક એટલે 'સ્ત્રીમિત્ર'. 'સ્ત્રીમિત્ર' સામયિકની સ્થાપના પણ ૧૮૫૭માં જ મુંબઈની પારસી સ્ત્રીઓ દ્વારા શરુઆત કરવામાં આવ્યું હતું. આ સામયિકની

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
શરુઆતમાં કેવળ મહિલા સ્વાસ્થ્ય વિષયક લેખોનો જ પ્રકાશન કરવામાં આવતું હતું. ત્યારબાદ આ સામયિક બંધ પડતા ફરી તેને નાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ ૧૮૬૭માં ફરી ચાલુ કર્યું. 'સ્ત્રીમિત્ર' માસિક સામયિકમાં સ્ત્રીઓના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવતી અને પુરુષપ્રધાન સમાજની ટીકા પણ કરવામાં આવતી હતી. 'સ્ત્રીમિત્ર' સામયિકમાં પ્રગટ થતાં બાળઉછેર અને સ્ત્રીશિક્ષણના લેખો લોકપ્રિય બન્યા હતા.

'સ્ત્રી જ્ઞાનદીપક : હિંદુ તથા પારસી બાઈઓને જ્ઞાન ઉપજે એવા ઉપયોગી વિષયોનો સંગ્રહ' આ સૂત્ર 'સ્ત્રી જ્ઞાનદીપક' વાર્ષિકપત્ર પરના મુખપૃષ્ઠ ઉપર લખાતું હતું. આ સામયિક ઈ.સ. ૧૮૬૭ માં ઓરાબજી મન્ચેરજી ભગોરિયા પારસી શિક્ષક દ્વારા કરવામાં આવ્યું હતું. 'સ્ત્રી જ્ઞાનદીપક' સામયિકમાં અન્ય સામયિકોમાંથી ઉત્તમ સ્ત્રી ઉપયોગી લેખોની પસંદગી કરી તેને પુસ્તકનું સ્વરૂપ આપી પ્રકાશિત કરવામાં આવતું હતું. આ સામયિકમાં સ્ત્રીઓને માર્ગદર્શન મળી રહે અને તેને ઉપયોગી બને તેવા લેખોની પસંદગી કરવામાં આવતી હતી જેમ કે સામાજિક સુધારણા, કેળવણી, સૌદર્ય, આરોગ્ય, કુરીવાજોનો વિરોધ વગેરે વિષયો કેન્દ્રમાં રાખવામાં આવતા હતા. તેમાં પ્રકાશિત થતાં વિધવાઓના આત્મવૃતાંતો આ સામયિકનું મૂલ્યવાન પાસું છે.

સ્ત્રી દ્વારા અને સ્ત્રી માટે શરૂ કરાયેલું પ્રથમ ગુજરાતી સામયિક એટલે 'સ્ત્રીસદ્બોધરત્ન'. આ સામયિકની સ્થાપના ઈ.સ. ૧૮૮૨માં ખેડા ગામના તુલસીબાઈએ કરી હતી. આ સામયિકની સ્થાપના કરતા તેઓ તે સમયના સયુંકત ગુજરાત મહારાષ્ટ્રના મહિલા પત્રકાર થવાનું સન્માન મેળવે છે. તુલસીબાઈએ સ્ત્રીઓના પ્રશ્નોને લોકો સામે મુકવા અને એ પ્રશ્નો વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાના ધ્યેયથી આ સામયિકની શરૂઆત કરી હતી.આ સામયિક દ્વારા ગુજરાતભરમાં નારીપ્રશ્નોને વાચા આપવા માટે જે પ્રયાસો કરેલા તે આગવું દસ્તાવેજી મુલ્ય ધરાવે છે.

સ્ત્રીજાગૃતિ માટે પ્રયત્ન કરતું અને તેના પ્રશ્નોની ચર્ચા કરતુ અન્ય બીજા સામયિકની વાત કરીએ તો તેમાં 'પ્રિયંવદા' નો સમાવેશ થાય છે. તે સમયે બાળવૈધવ્ય, બાળલગ્ન, અને કુરિવાજોને કારણે સ્ત્રીઓની સ્થિતિ અત્યંત દયનીય હોવાથી તેમના આ પ્રશ્નોના અંગે સમાજમાં સુધારો લાવવા માટે ઈ.સ.૧૮૮૫માં મણિલાલ નભુભાઈ ત્રિવેદી 'પ્રિયંવદા' માસિક સામયિકની શરૂઆત કરે છે. આ સામયિકમાં વિષય તરીકે સ્ત્રીઓના પ્રશ્નો તો ખરા જ પણ સાથે-સાથે ઘર-પરિવાર, શરીરવિદ્યા, બાળઉછેર, ધર્મનિષ્ઠા વગેરે જેવા લેખોનો પણ સમાવેશ થતો હતો. 'પ્રિયંવદા' સામયિક પાંચ વર્ષ જ ચાલ્યું પરંતુ તેને સ્ત્રી જાગૃતિની દિશામાં મહત્વનું યોગદાન રહ્યું છે.

'ગુજરાત મિત્ર' ઈ.સ.૧૮૮૮ ની ૧૨ અપ્રિલથી સુરતથી પ્રકાશિત થતું હતું. 'ગુજરાત મિત્ર' માં આપણા કેળવણીકારો મહીપતરામ નીલકંઠ, કૃષ્ણરાવ ભોળાનાથ, લાભશંકર ઉમિયાશંકર અને હરગોવિંદદાસ કાંટાવાળાએ મહિલાઓ માટે એક સામયિક શરુઆત કરવાની જાહેરાત કરી હતી. પણ સંજોગવસ તે જાહેરાત મુજબનું સામયિક શરુ થઈ શક્યું નહિ. પરંતુ અમદાવાદમાં નાગરો દ્વારા સ્થાપિત 'બંધુસમાજ' દ્વારા 'સુંદરી સુબોધ' માસિક ઈ.સ.૧૯૦૩માં સપ્ટેમ્બર માસમાં શરુ કરવામાં આવ્યું. સ્ત્રીઉન્નતી, સમાજસુધારણા અને શિક્ષિત સ્ત્રીઓને લખવાની તક મળે એવા ઉદ્દેશથી 'સુંદરી સુબોધ' સામયિકની શરૂઆત કરવામાં આવી હતી. આ સામયિકના મુખપુષ્ઠ ઉપર જ નારીમહિમાં દર્શાવતું સંસ્કૃત સુત્ર 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર દેવતા' અને કૌસમાં 'પ્રસન્ન દેવતા રહે જ્યાં પામે સમ્માન સુંદરી' આવો પદ્ય અનુવાદ લખાતો હતો. નારીહિતચિંતા, સર્જનાત્મક કૃતિઓ અને સમાજસુધારણાના લેખો આ સામયિકમાં પ્રકાશિત થતા હતા. ગુજરાતમાં જયારે કન્યાકેળવણીની જુંબેશ અડધી સદી પસાર કરી ચુકી હતી તે સમયે આ સામયિકની શરુઆત થવાથી 'સુંદરી સુબોધ' માં નવશિક્ષિત નારીઓના વિચારો ઝીલાય છે. એ રીતે જોઈ તો 'સુંદરી સુબોધ' સામયિક નારીઅભ્યાસ ક્ષેત્રનું એક મહત્વનું પાસું બની રહે છે.

'દેશોન્નતિનું મૂળ કન્યાકેળવણી' આવું મુદ્રાલેખ ધરાવતું અને 'ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ'નું વાર્ષિક

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
સામયિક એટલે 'સ્ત્રી હિતોપદેશ'. આ સામયિકની સ્થાપના ઇ.સ.૧૯૦૯માં મુંબઈની શ્રીમંત અને અગ્રણી સ્ત્રીઓ એટલે કે જમનાબહેન સકકાઈ, લક્ષ્મીબહેન જગમોહનદાસ, જડાવબહેન મોતીવાલા, જમનાબહેન માળવી વગેરે મહિલાઓ દ્વારા થઈ હતી. 'સ્ત્રી હિતોપદેશ' સામયિક નારીજાગૃતિ, કોમી એકતા, રાષ્ટ્રભાવના અને સમાજ સુધારણાનું ધ્યેય રાખનાર સામયિક હતું. આ સામયિક હિંદુ સ્ત્રીમંડળ દ્વારા ચલાવાતું હોવા છતાં તેમાં બધા ધર્મને માન આપતું અને સર્વ ધર્મના લેખોને સ્થાન આપતું બન્યું છે. દરેક કોમની મહિલાઓને એકતા રાખવા માટે ભારપૂર્વક અપીલ કરતું હતું. 'સ્ત્રી હિતોપદેશ' સામયિકમાં રડવા-કુટવાના રિવાજ ઉપર પ્રચંડ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. દેશની ઉન્ન્તીનો આધાર સ્ત્રીજાગૃતિ હોવાનું આ સામયિક દર્શાવે છે.

નાનીબહેન (શિવગૌરી) અને બાજીગૌરી બંને બાળવિધવા હતા. પરંતુ બંને સ્ત્રીઓએ પોતાની દ્રઢમનોબળ અને સાહસથી પોતાના જીવનને ડૂબતું બચાવ્યું હતું. નાનીબહેન ગજ્જર અને બાજીગૌરી મુનશી આ બંને સ્ત્રીઓએ 'વનિતા વિશ્રામ' સંસ્થાના મુખપત્ર એવા 'વનિતા વિજ્ઞાન' માસિકરૂપે સામયિકની ૧૯૦૯માં સ્થાપના કરે છે. બંને મહિલાઓ આ સામયિક મારફતે અનેક સ્ત્રીઓની જીવનનૈયાને દીવાદાંડીનો પ્રકાશ અને દિશાનિર્દેશ પૂરો પડે છે. 'વનિતા વિશ્રામ' સંસ્થામાં આશ્રેય પામેલી વિધવાબહેનો અને સ્વનિર્ભર બનેલી બહેનોના અનુભવો આ સામયિકમાં પ્રકાશિત કરવામાં આવતા હતા. આ લેખોને નારીઅભ્યાસની નજરે જોઈએ તો ખુબ મૂલ્યવાન દસ્તાવેજ કહી શકાય.

હિંદુ અને પારસી સ્ત્રીઓના બે વિભાગ ધરાવતું 'ગુલશન' માસિક ૧૯૧૩ માં દિનશા ભાગળીયાના તંત્રીપદેથી પ્રકાશિત થતું હતું. આ સામયિકની વિષયસામગ્રી જોઈએ તો તેમાં વાર્તા, નવલકથા, કવિતા જેવી સર્જનાત્મક કૃતિઓ અને પારસી સમાજને સ્પર્શતા લેખો પ્રકાશિત થતા હતા. આ સામયિક ફક્ત આઠ વર્ષ ચાલી ૧૯૨૧ માં બંધ પડ્યું.

વિશ્વની અગ્રણી મહિલાઓ અને સ્ત્રી સંગઠનોની દેશવ્યાપી પ્રવૃતિઓ સાથે તેમની સિદ્ધિઓનો પરિચય કરાવતા લેખો આપતું 'ગુણસુંન્દરી અને સ્ત્રી હિતોપદેશ' સામયિકની સ્થાપના ૧૯૩૪માં જયકૃષ્ણ ના. વર્માએ કરી. સ્ત્રીજગતને ઊંચા માપદંડો પ્રત્યક્ષ કરાવી આપવામાં અને તેમનો ઉત્સાહ પ્રેરવામાં આ સામયિકની ખુબ અગત્યની ભૂમિકા રહી છે. આ સામયિકમાં અખિલ ભારતીય મહિલા પરિષદ, પ્રાંતિક સ્ત્રી પરિષદ અને મહાગુજરાત મહિલા પરિષદની પ્રવૃતિઓના અહેવાલોનું આંતરરાષ્ટ્રીય દસ્તાવેજની દ્રષ્ટિએ અગત્યનું મૂલ્ય ધરાવે છે. આ સામયિકમાં પોલાન્ડની નારી, ચીનની સ્ત્રીઓ, અને તુર્કસ્તાનની સ્ત્રીઓ જેવા શીર્ષકથી દેશ-વિદેશની નારીઓના પરિચય આપ્યા છે. 'ઇંગ્લેન્ડમાં કન્યા કેળવણી', 'સ્ત્રીઓ અને નવું બંધારણ', 'અમેરિકાની સ્ત્રીશક્તિ' જેવા લેખોથી આ સામયિકનો વિસ્તાર કેટલો વિશાળ હશે તેનો પરિચય કરાવે છે. વિશ્વભરની મહિલાપ્રવૃતિઓનો આલેખ આપતું આ સામયિક સ્ત્રીજાગૃતીનો એક મજબુત પાયો છે.

ઉપરોક્ત સ્ત્રી સામયિકોની માહિતી મેળવતા હવે એવા સામયિકની યાદી જોઈએ જેનું પ્રકાશન લાંબા સમય સુધી નથી ચાલ્યું પણ નારીચેતનાની પ્રવૃતિમાં યોગદાન રહ્યું છે. જેમ કે સ્ત્રી શક્તિ, સરસ્વતી, ભગિની, મહિલામિત્ર, મહિલા સમાજ દર્પણ, જાગૃતિકદમ, પદ્મિની, નવનિર્માણ, ફોરમ, ઋતા, અનસુયા, જ્યોતિ, સ્ત્રી જીવન, નારીમુક્તિ આદિ સામયિકો દ્વારા સ્ત્રીજાગૃતિની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ મળે છે. આમ, સ્ત્રી સામયિકના ઇતિહાસની વાત કરીએ તો તેની અંધકારથી ઉજાસ તરફની આ યાત્રા રહી છે.

સંદર્ભ :

૧. ડૉ. કિશોરસિંહ સોલંકી, વક્તવ્ય, વિશ્વસાહિત્યમાં નારીવાદ, પરબ,ઓગસ્ટ
૨૦૧૮, વર્ષ-૧૩, અંક-૨, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.
૨. હસિત મેહતા(સંપા.), સાહિત્ય સામયિકો-પરંપરા અને પ્રભાવ, રન્નાદે

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

પ્રકાશન,પ્ર.આ.મે-૨૦૧૨.